# :: સુરત મહાનગરપાલિકા ::
## પ્રેસનોટ

### "આઝાદીના અમૃત મહોત્સવ" તથા દાંડી માર્ચની એનીવર્સરીની ઉજવણી અંતર્ગત 'દાંડીયાત્રા' કાર્યક્રમ

ભારતની આઝાદીના ૭૫–વર્ષ "આઝાદીના અમૃત મહોત્સવ"ની ઉજવણી અને દાંડી માર્ચની ૯૧મી એનીવર્સરીની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત આયોજીત 'દાંડીયાત્રા' તા.૨૮/૩/૨૦૨૧ થી તા.૨/૪/૨૦૨૧ દરમ્યાન સુરત જીલ્લામાંથી આવનાર છે. જે પૈકી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧/૪/૨૦૨૧ થી તા.૨/૪/૨૦૨૧ દરમ્યાન સુરતમાં આવનાર છે. તા.૧/૪/૨૦૨૧ના રોજ સવારે ૯:૩૦ કલાકે વરીયાવ ટી–પોઈન્ટ ખાતે સ્વાગત પોઈન્ટ ખાતે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો દ્વારા પદયાત્રીઓનું સુતરની આંટી, પુષ્પગુચ્છ અને 'સુર્યપુરની ગાંધી સ્મરણયાત્રા' પુસ્તિકાથી સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ ઉમાભવન, છાપરાભાઠા ખાતે સવારે ૧૦:૦૦ કલાકે પદાધિકારીશ્રીઓ, બાળાઓ અને નગરજનો દ્વારા પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં માન.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર,આઈ.પી.એસ., સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપૂત, ભાજપ શહેર પ્રમુખશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સુરત શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, મ્યુનિ.સદસ્યશ્રીઓ, ઈ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાળા, નગરજનો અને શાળાની બાળાઓ ઉપસ્થિત રહયા હતાં.

સાંજે ૪:૦૦ કલાકે ન.પ્રા.શાળા ક્રમાંક : ૩૧૧ છાપરાભાઠા ખાતે માન.કલેકટરશ્રીના સ્વાગત પ્રવચન બાદ મધ્ય પ્રદેશના માન.મુખ્યમંત્રીશ્રી શિવરાજસીંહ ચૌહાણએ પોતાની આગવી શૈલીમાં ગુજરાતના સપુત એવા પુજય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલના આઝાદી માટેના સંઘર્ષને યાદ કરી ગુજરાતની ખમીરવંતી પ્રજાને બિરદાવી હતી અને ભારતની સ્વતંત્રતાની પ્રાપ્તિમાં ગુજરાતની પ્રજાના યોગદાનને યાદ કર્યા હતા. આઝાદીની લડાઈનો ઉલ્લેખ કરી આઝાદીની ચળવળના લડવૈયાઓને વિશેષ યાદ કરી જણાવ્યું હતું કે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મ નિર્ભર ભારત, સશકત ભારતના નિર્માણ માટે ઉપસ્થિત પદયાત્રીઓ અને નગરજનોને હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, માન.ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કલેકટરશ્રી ધવલ પટેલ, પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર,આઈ.પી.એસ., જીલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી પૂર્ણિમાબેન દાવલે ઉપસ્થિત રહયાં હતા.

છાપરાભાઠા ખાતેના ઉદબોધન બાદ મધ્ય પ્રદેશના માન.મુખ્યમંત્રીશ્રી શિવરાજસીંહ ચૌહાણ, ગુજરાત રાજયના વન અને આદિજાતિ વિકાસના રાજય કક્ષાના મંત્રીશ્રી, શ્રી રમણલાલ પાટકર ઉપરાંત તમામ મહાનુભાવો અને પદાધિકારીશ્રીઓ દાંડીયાત્રાના પદયાત્રીઓ સાથે અમરોલી સુધી દાંડીયાત્રામાં પગપાળા જોડાઈને પદયાત્રીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

તા.૦૨/૦૪/૨૦૨૧ના રોજ સવારે ૬:૩૦ કલાકે છાપરાભાઠાથી અમરોલી બ્રીજ થઈ, ગજેરા સર્કલ–કાંસાનગરથી કતારગામ ફલાયઓવર બ્રીજ થઈ માનવધર્મ આશ્રમ, કતારગામ દરવાજા થઈ ફાલસાવાડીથી ફલાય ઓવર બ્રીજ થઈ, ટેક્ષટાઈલ માર્કેટ ફલાય ઓવર બ્રીજ થઈ માન દરવાજા થઈ ઉધના દરવાજા એસ.બી.સેન્ટર, એપલ હોસ્પિટલની બાજુમાં સવારે ૯:૦૦ કલાકે આગમન થશે, જયાં ગોવાના માન.મુખ્યમંત્રીશ્રી ડો.પ્રમોદ સાવંત અને પદાધિકારીશ્રીઓ, બાળાઓ અને નગરજનો દ્વારા પુષ્પથી સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ ઉધના દરવાજાથી ખરવરનગર ફલાય ઓવર બ્રીજ થઈ સીટીઝન હાઈસ્કૂલ, ઉધના ત્રણ રસ્તા થઈ ડીંડોલી રેલ્વે ઓવરબ્રીજ થઈ ન.પ્રા.શાળા ક્રમાંક – ૨૫૭, ડીંડોલી મેઈન રોડ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે આગમન થશે જયાં પદાધિકારીશ્રીઓ, બાળાઓ અને નગર જનો દ્વારા પુષ્પથી સ્વાગત કરવામાં આવશે. તા.૦૨/૦૪/૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડીંડોલી શાળા ક્રમાંક – ૨૫૭થી દેલાડવા ચાર રસ્તા, સણિયા–કણદે, ખરવાસાથી વાંઝ ગામ ખાતે જવા પ્રસ્થાન કરશે.

| ક્રમ | તારીખ | 'દાંડી યાત્રા' કાર્યક્રમનો રૂટ | અંદાજીત સમય |
|---|---|---|---|
| ૧ | ૨/૪/૨૦૨૧ | ઉમાભવન છાપરાભાઠા ખાતે (ચા – નાસ્તો) કરી પ્રસ્થાન | ૬.૩૦ કલાકે |
| | | છાપરાભાઠાથી અમરોલી બ્રીજ થઈ, ગજેરા સર્કલ–કાંસાનગરથી કતારગામ ફલાયઓવર બ્રીજ થઈ માનવધર્મ આશ્રમ, ગોટાલાવાડી(જૂની ઝોન ઓફિસની બાજુમાં) ફલાય ઓવર બ્રીજ થઈ ફાલસાવાડી, સ્વર્ણિમ સર્કલથી ફલાય ઓવર બ્રીજ થઈ, ટેક્ષટાઈલ માર્કેટ ફલાય ઓવર બ્રીજ થઈ માન દરવાજા થઈ ઉધના દરવાજા | |
| ૨ | ૨/૪/૨૦૨૧ | – ગોવાના માન.મુખ્યમંત્રીશ્રી ડો.પ્રમોદ સાવંત અને પદાધિકારીશ્રીની ઉપસ્થિતિમાં પદયાત્રીઓનું શાળાની બાળાઓ દ્વારા સ્વાગત<br>ઉધના દરવાજા એસ.બી.સેન્ટર, એપલ હોસ્પિટલની બાજુમાં | ૯.૦૦ કલાકે |
| | | ઉધના દરવાજાથી ખરવરનગર ફલાય ઓવર બ્રીજ થઈ ઉધના ત્રણ રસ્તા સીટીઝન હાઈસ્કૂલ થઈ ડીંડોલી તરફ રવાના | |
| ૩ | ૨/૪/૨૦૨૧ | ઉધના – ડીંડોલી રેલ્વે ઓવર બ્રીજથી ડીંડોલી મેઈન રોડ ન.પ્રા.શાળા ક્રમાંક – ૨૫૭ આગમન / સ્વાગત (બપોરનું ભોજન અને વિશ્રામ) | ૧૧.૦૦ કલાકે |
| ૪ | ૨/૪/૨૦૨૧ | ડીંડોલી શાળા ક્રમાંક – ૨૫૭થી દેલાડવા ચાર રસ્તા, સણિયા–કણદે, ખરવાસાથી વાંઝ ગામ તરફ પ્રસ્થાન | ૧૬.૦૦ કલાકે |

દાંડી યાત્રીઓને પ્રોત્સાહિત કરવા માટે ઉપરોકત દાંડી યાત્રા રૂટ પર સોશીયલ ડીસ્ટન્સના પાલન સાથે સ્વાગત કરવામાં આવશે.

સમાચારયાદી નં.૦૫, તા.૦૧/૦૪/૨૦૨૧, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.